# મોડાસાની ધી ઘાંચી હાઈસ્કૂલ ઓનલાઈન કેમેરાથી સજ્જ

## શાળામાં અભ્યાસ કરતા બાળકો અને શૈક્ષણિક સ્ટાફની રજેરજની માહિતી વાલીઓ મોબાઈલમાં ઘરે બેઠા નિહાળી શકશે

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાં આવેલી ધી ઘાંચી હાઈસ્કૂલમાં લઘુમતી સમાજના જરૂરિયાતમંદ અને ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે ટ્રસ્ટના પ્રમુખ સિકંદરભાઈ વાય. સુથાર (રાજાબાબુ) અને મંડળ દ્વારા વિદ્યાર્થીઓ માટે અત્યાધુનિક શાળાને હંફાવે તેવી સુવિધાઓ પુરી પાડવા સતત પ્રયત્નશીલ રહે છે. શાળા મંડળ દ્વારા સમગ્ર ગુજરાત અને અરવલ્લી જિલ્લામાં સૌપ્રથમ વાર અનોખી પહેલ કરી સમગ્ર શાળા સંકુલને ઓનલાઈન કરવાની સાથે વિદ્યાર્થીઓના વાલીઓ ઘરે, ધંધા રોજગારના સ્થળે બેઠા બેઠા તેમના બાળક પર સીધી નજર રહે તે માટે સ્માર્ટફોન વપરાતા તમામ વાલીઓના મોબાઈલમાં કોડ નાખી આપી આપી બાળકો અને શૈક્ષણિક સ્ટાફની રજેરજની માહિતી મળી રહે તેવી સુવિધા ઉપલબદ્ધ કરાવતા વાલીઓ દ્વારા સરાહના કરી હતી.

ધી ઘાંચી હાઈસ્કૂલના પ્રમુખ સિકંદરભાઈ વાય. સુથાર (રાજાબાબુ)ના જણાવ્યા અનુસાર શાળામાં અભ્યાસ અર્થે આવનાર વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફની પળેપળની માહિતી "આંગળીના ટેરવે" મળી રહે અને તેમના બાળકો પર તેમની સીધી નજર રહે તે માટે ઘાંચી હાઈસ્કૂલના સમગ્ર પરિસરને ઓનલાઈન કેમેરાથી સુસજ્જ કરી દેવામાં આવ્યા છે અને શાળામાં અભ્યાસ કરતા બાળકોના જે વાલી સ્માર્ટફોન વાપરતા હોય તેમને ઓનલાઈન કેમેરાના સોફ્ટવેરનો કોડ મેળવી લેવા સૂચન કરાતા મોટી સંખ્યામાં વાલીઓએ કોડ મેળવવા તજવીજ હાથ ધરી હતી. સોફ્ટવેરનો કોડ મેળવનાર વાલીઓએ શાળા સંકુલ અને તેમના બાળકની શૈક્ષણિક પ્રવૃત્તિ અને અન્ય પ્રવૃતિઓ નિહાળી અભિભૂત બન્યા હતા. શાળા મંડળની સરાહનીય કામગીરીથી વાલીઓમાં આનંદ છવાયો હતો. શાળામાં સક્ષમ શૈક્ષણિક કર્મચારીઓ, મિનરલ પાણીની સગવડ, બગીચા સાથેનું રમત-ગમત મેદાન, અત્યાધુનિક ક્લાસરૂમ સહિતની સુવિધાઓ સામાન્ય પરિવારના બાળકોને પૂરી પાડાતા ધી ઘાંચી મંડળ ટ્રસ્ટની સરાહના કરી હતી.





# દક્ષિણ ગુજરાત સતત ત્રીજા દિવસે વરસાદ

## સુરતમાં વૃક્ષો ધરાશાયી, વલસાડ, ભરુચ સહિતના વિસ્તારોમાં વરસાદ : વરસાદના પરિણામ સ્વરુપે નવરાત્રિના આયોજકોમાં ચિંતા ફેલાઈ : ભરૂચના જંબુસરમાં કરા સાથે વર્ષા

અમદાવાદ, તા. ૩

ગુજરાતના વધુ કેટલાક ભાગોમાંથી દક્ષિણ પશ્ચિમ મોનસુનની વિદાય થઈ રહી છે ત્યારે કેટલાક ભાગોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. આજે સતત બીજા દિવસે પણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ રહ્યો હતો. સુરત, ભરુચ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ રહ્યો હતો. ઘણી જગ્યાએ કરા પણ પડતા ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. સુરતથી પ્રાપ્ત અહેવાલ મુજબ ચોમાસુ વિદાય લઈ રહ્યું છે ત્યારે ભાદરવા મહિનામાં પણ બફારાની સ્થિતિ વચ્ચે બપોરના ગાળા બાદ વરસાદી માહોલ જામ્યો હતો. સુરતમાં અનેક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થયા હોવાના અહેવાલ પણ મળ્યા છે જેથી ફાયર બ્રિગેડની ટુકડીઓ તરત પહોંચી હતી. આજે બપોરે વિજળીના કડાકા ભડાકા સાથે જોરદાર પવન સાથે મધ્યમ વરસાદ થયો હતો જેથી કેટલીક જગ્યાએ પાણી પણ ભરાયા હતા. ચોમાસાના અંતિમ તબક્કામાં આ વરસાદ થઈ રહ્યો છે. શહેરમાં બે દિવસ અગાઉ અને ગઈકાલે પણ વરસાદ પડ્યો હતો. આ વરસાદના લીધે નવરાત્રિના આયોજકોમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ અકબંધ રહી શકે છે. આ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં કચ્છમાં ૮૯ ટકા વરસાદની ઘટ રહી છે અને માત્ર ૨૬.૫૧ ટકા વરસાદ થયો છે. ગુજરાતમાં સરેરાશ ૭૬.૬૧ ટકા વરસાદ થયો છે. કચ્છમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. બીજી બાજુ હવામાનના કહેવા મુજબ દક્ષિણમાં હળવા વરસાદી ઝાપટા જારી રહી શકે છે. આજે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ વરસાદ પડ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૧ ડિગ્રી નોંધાયું હતુ જ્યારે ભુજમાં સતત ત્રીજા દિવસે પારો ૪૧ રહ્યો હતો. સુરેન્દ્રનગરમાં પારો ૪૦ રહ્યો હતો. ગઈકાલે મંગળવારના દિવસે દક્ષિણ ગુજરાતના ડાંગ-આહવાના વિવિધ ભાગોમાં વરસાદ પડ્યો હતો.

પ્રવાસી સ્થળ ગણાતા સાપુતારામાં પણ વરસાદ થયો હતો જેના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. બીજી બાજુ મોનસુનની સિઝન પૂર્ણ થઈ રહી છે ત્યારે તાપમાનમાં ફરી એકવાર વધારો નોંધાતા હવામાન વિભાગ પણ ચોંકી ઉઠ્યું છે. ભુજમાં પારો આજે સતત ત્રીજા દિવસે ૪૧ રહ્યો હતો. વરસાદ વચ્ચે ગરમીનો પ્રકોપ રહ્યો છે. રાજ્યમાં મોનસુનની વિદાય થયા બાદ હવે ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. વલસાડમાં પણ વરસાદી માહોલ આજે જોવા મળ્યો હતો. સુરત નજીકના વિસ્તારોમાં પણ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. આ વર્ષે નોર્મલ કરતા ઓછો વરસાદ રહ્યો છે. જો કે, દેશના ૨૫૧ જિલ્લામાં દુષ્કાળનું સંકટ છે. દેશમાં વરસાદી સિઝન પહેલી જૂન ૨૦૧૮ના દિવસે મોનસુનની શરૂઆત થયા બાદથી ૧૧૭ દિવસ સુધી રહી છે જેમાં લોંગ ટર્મ એવરેજના માઈનસ નવ ટકા વરસાદ રહ્યો છે. આઈએમડી દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા બાદ સ્થિતિમાં સુધારો થયો છે. ૧૯મી સપ્ટેમ્બર સુધી આ આંકડો માઈનસ ૧૦ ટકાનો રહ્યો હતો. દક્ષિણ પશ્ચિમ મોનસુન ભારતમાં વાર્ષિક વરસાદના ૭૦ ટકાની આસપાસ છે અને કૃષિ અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે. ભરુચના જંબુસરમાં આજે કરા સાથે વરસાદ થતાં ઉત્તેજના ફેલાઈ હતી. બીજી બાજુ વરસાડ, સાપુતારા, ભાવનગર સહિતના વિસ્તારોમાં વરસાદ જારી રહ્યો હતો.

## અમદાવાદના પૂર્વ વિસ્તારમાં તોફાની પવનો સાથે વરસાદ

અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં પણ મોડી સાંજે હળવો વરસાદ થયો હતો. વાવાઝોડા સાથે વરસાદના લીધે વૃક્ષો પણ પડ્યા હતા. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વરસાદ થયો હતો જેમાં બાપુનગર, રખિયાલ, નરોડા, હાટકેશ્વર, ગોમતીપુરનો સમાવેશ થાય છે.

આ વિસ્તારમાં પવન સાથે સાંજે વરસાદ થયો હતો. બીજી બાજુ શહેરના દિલ્હી દરવાજા, પ્રેમદરવાજા વિસ્તારમાં પણ વરસાદ થયો હતો. હળવા વરસાદી છાંટાના લીધે પણ ઉત્તેજના ફેલાઈ હતી. બીજી બાજુ અમદાવાદ શહેરમાં તાપમાન ૩૭.૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિગ્રી રહ્યું હતું. આવતીતકાલે પણ તાપમાન યથાવત રહેવાની શક્યતા છે.

જો કે, અમદાવાદમાં રહેતા લોકો બફારા વચ્ચે મોનસુનની વિદાય વેળા પણ ગરમીનો અનુભવ કરી રહ્યા છે. બપોરના ગાળામાં તીવ્ર ગરમી પણ અનુભવાઈ રહી છે. પાટનગર ગાંધીનગરમાં આજે પારો ૩૪.૨ ડિગ્રી રહ્યો હતો. અમદાવાદ શહેરમાં આ વર્ષે ખુબ ઓછો વરસાદ નોંધાયો છે. જેથી તંત્રમાં ચિંતા પ્રવર્તી રહી છે. જો કે, પાણીના જથ્થામાં લોકોમાં કોઈ કાપ ન મુકાતા હજુ કોઈ વિવાદ થયો નથી.

## ચિલોડા હાઈસ્કૂલ અન્ડર-૧૭ ભાઈઓની કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ-૧૮ની અ-૧૭ ભાઈઓની કબડ્ડી સ્પર્ધા મહુડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાની કબડ્ડી ભાઈઓની ટીમે ભાગ લીધો હતો. જેમાં જિલ્લા કક્ષાએ રમતમાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્ય સી. એ. પટેલ તથા વ્યાયામ શિક્ષક પી. જે. પટેલે વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



**મોડાસા કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ પાસેના ગંદકીના ઢગલા હટાવવા કામગીરી**

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ધોબીઢાળ વિસ્તારમાં આવેલી કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ પાછળના ભાગે નગરપાલિકા તંત્ર દ્વારા ડમ્પિંગ સાઈટ બનાવી શહેરનો કચરો ઠાલવતા સ્કૂલ સંચાલકો દ્વારા નગરપાલિકા તંત્રમાં રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા આંખ આડે કાન કરતાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અસહ્ય દુર્ગંધ અને ગંદકીથી અભ્યાસ પર અસર પાડવાની સાથે સ્વાસ્થ્ય સામે ખતરો પેદા થતા આ અંગેના સમાચાર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતા નગરપાલિકા તંત્ર હરકતમાં આવી સ્કૂલ પાછળના ભાગે ખડકેલાં ગંદકીના ઢગ હટાવવાની જેસીબી મશીન અને ટ્રેક્ટર દ્વારા કામગીરી હાથ ધરી ગંદકીના ઢગલાઓનો યોગ્ય નિકાલ કરવાની તજવીજ હાથ ધરાતા શાળામાં અભ્યાસ કરતાં બાળકો, સ્કૂલ સંચાલકો અને ધોબીઢાળ વિસ્તારમાં રહેતા રહીશોમાં આનંદ છવાયો હતો. ગાંધીનગર સમાચાર વધુ એકવાર વિદ્યાર્થીઓ અને પ્રજાજનોના પ્રશ્નોને વાચા આપવામાં સફળ રહેતા જાગૃત યુવાનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

## શામળાજી પોલીસે આઈ-૨૦ કારમાંથી ૧.૧૩ લાખનો દારૂ જપ્ત

શામળાજી, તા. ૩

અણસોલ ગામની સીમમાં શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીગ હાથ ધરાતા બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતી આઈ-૨૦ (ગાડી. આરજે. ૨૩સીએ. ૫૯૩૯)ને અટકાવી કારની તલાસી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂની બોટલ નંગ-૨૫૧ કિં. રૂ.૧૧૩૬૦૦નો જથ્થો જપ્ત કરી કારચાલક મહેશ ઘનશ્યામ રામાવત (રહે. મીઠાપુર, દેવભૂમિ દ્વારકા) હાલ રહે, ૩૨ મયુરનગર, જામનગરની ધરપકડ કરી કારની રૂ. ૨૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કિં. રૂ.૧૫૦૦ મળી કુલ રૂપિયા ૩૧૫૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી દારૂ ભરી આપનાર નિમેષ અને વિદેશી દારૂ મંગાવનાર જામનગરના મુંગણીના બુટલેગર મોહન મગન પરમાર (મૂળ રહે. મીઠાપુર દેવભૂમિ દ્વારકા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# યુવા રાષ્ટ્રની સૌથી મોટી સંપદા, એમને વ્યસનોથી બચાવો : ગાયત્રી પરિવાર

મોડાસા, તા.૩

કોઈપણ રાષ્ટ્રની સૌથી મોટી સંપદા તેની યુવા શક્તિ હોય છે. યુવા સશક્ત હશે તો રાષ્ટ્ર સમૃદ્ધિ તરફ આગળ વધશે. આજે યુવા વ્યસનોથી ગ્રસ્ત થતા થયા છે. એમને આમાંથી દૂર કરવા જરૂરી છે. આ વાત ગાંધી જયંતીથી અખીલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા વ્યસન મુક્ત ભારતનો શંખનાદના સમયે મોડાસા ખાતે ઉમિયા માતાજી મંદિરના પટાંગણમાં ગુજરાત રાજયના ગાયત્રી પરિવારના મોભી જયેશ બારોટ તથા જિલ્લા સમન્વયક બાયડના મનહર પટેલે કહી હતી.



આ પ્રસંગે ગાયત્રી પરિવારના વડામથક શાંતિકુંજ દ્વારા વ્યસન મુક્ત પર ડોક્યુમેન્ટરી ફિલ્મ પ્રોજેક્ટર દ્વારા બતાવામાં આવી હતી. આ પ્રસંગે ગાયત્રી પરિવારના વડા ડોક્ટર પ્રણવભાઈ પંડ્યાએ વિડિઓ કોન્ફરસિંગથી મોડાસાના યુવાનોને માર્ગદર્શન પૂરું પડ્યું હતું. ગાયત્રી પરિવાર દ્વારા ગાંધી જયંતીના અવસરે દેશભરમાં ૪૦૦થી વધુ જિલ્લામાં આ આયોજનો કરવામાં આવ્યા હતા.

ગાયત્રી પરિવારની અખબારી યાદી અનુસાર આજથી એક વર્ષ સુધી વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત અરવલ્લી જીલ્લાના તમામ તાલુકાઓમાં વ્યસન મુક્તિ રેલીઓના આયોજન કરવામાં આવશે. ગામેગામ વિડીયો પ્રેઝન્ટેશન સાથે રાત્રે ચિંતન મંથન કાર્યક્રમો કરવામાં આવશે. ઉપરાંત શાળા, કોલેજોમાં વિદ્યાર્થીઓ વ્યસનોના ભરડામાં હોમાઈ ના જાય તે માટે વ્યસનમુક્તિ પ્રદર્શની તેમજ વિશેષ ગોષ્ઠિઓના આયોજન કરવામાં આવશે. આ સિવાય વિદ્યાર્થીઓ, યુવાનો તેમજ જન સમાજ માટે વ્યસનોથી બચાવવા માટે તમામ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવશે.

આ ઉપરાંત ૨૫ વર્ષ અગાવ વડોદરા ખાતે ગાયત્રી પરિવારની સંસ્થાપિકા માતા ભગવતી દેવી શર્માજીની હાજરી સંપન્ન અશ્વમેઘ મહાયજ્ઞની આ વર્ષે રજત જયંતિ વર્ષ છે. જેને લઈ શક્તિ સાધના કળશ રથ ગુજરાત ભરમાં પરિભ્રમણ કરી રહેલ ત્યારે આજરોજ મોડાસા ખાતે આવેલ તેનું ભવ્ય સ્વાગત પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં મોડાસા નગરીના ભાઈ બહેનો, ઉમિયા માતામંદિરના અગ્રણીયો, યુવાનો, ગાયત્રી પરિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૪ માસની દીકરી પર દુષ્કર્મના આરોપીને ફાંસીની માંગ

પાલનપુર ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના બનાસકાંઠા જિલ્લો, પાલનપુર તાલુકો અને શહેર દ્વારા કેન્ડલ માર્ચ કરી ૧૪ માસની બાળકી પર થયેલી દુષ્કર્મની ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી. તેમજ નરાધમને ફાંસીની સજા થાય તેવી માંગ કરવામાં આવી હતી.

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ઢુઢર ગામે ૧૪ માસની બાળકી ઉપર દુષ્કૃત્યની ઘટનાના સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. બાળકી ઉપર દુષ્કૃત્ય ગુજારનારા નરાધમને સખ્ત સજા થાય તે માટે ગામેગામથી તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી રહી છે. ત્યારે પાલનપુર ખાતે ગત સાંજે ક્ષત્રિય ઠાકોર સેના બનાસકાંઠા જીલ્લો, પાલનપુર તાલુકા અને શહેર દ્વારા કોઝી વિસ્તારમાં આવેલી મહારાણા પ્રતાપની પ્રતિમાથી કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી.

### કડાકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડોલરમાં મજબુતી, ઘરેલુ સ્તર પર નિકાસ ઘટવા જેવી બાબતોને કારણે રૂપિયો સતત દબાણમાં રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ સતત વધી રહ્યા છે. ક્રૂડ ૮૫ ડોલરને પાર કરી ગયુ છે. આવતા દિવસોમાં ડોલરના મુકાબલે રૂપિયો ૭૫ ડોલરનુ સ્તર સ્પર્શ કરે તેવી શકયતા છે.

ડોલરના મુકાબલે રૂપિયામાં નરમાશ અને ક્રૂડ મોંઘુ થતા ઘરના બજેટમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા ચીજવસ્તુઓ ધીમે ધીમે મોંઘી થવા લાગી છે. બટેટા, ડુંગળી અને લીલા શાકભાજીના ભાવ ૩૦ ટકા વધી ગયા છે. ડીઝલ મોંઘુ થતા તમામ વસ્તુઓના ભાવ વધશે. અનાજથી માંડીને સાબુ, શેમ્પુ સહિતની રોજબરોજની ચીજવસ્તુઓ પણ મોંઘી થશે. ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થતા તમામ વસ્તુઓના ભાવ ભડકે બળશે. રૂપિયામાં ઘટાડાના કારણે કાર કંપનીઓ ભાવ વધારવા વિચારી રહી છે. આ વર્ષે રૂપિયામાં લગભગ ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે.

### શપથવિધિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટના જજ તરીકે શપથ લીધા હતા. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં લાંબા સમય સુધી સેવા આપી હોવા છતાં તેમની ખાનગી સંપત્તિ મામુલી રહી છે. સફળ વરિષ્ઠ વકીલોની તુલનામાં તેમની સંપત્તિ નહીંવત સમાન છે. સીજેઆઈની પાસે સોનાની કોઈ જ્વેલરી નથી. તેમની પત્નિ પાસે પણ જે જ્વેલરી છે તે તેમના લગ્ન વેળાની રહેલી છે. પૂર્વ સીજેઆઈ મિશ્રાની પાસે સોનાની બે અંગુઠી છે. જો કે ગોગોઈ પર કોઈ પણ દેવુ નથી. પૂર્વ સીજેઆઈની પાસે દિલ્હીના મયુર વિહારમાં એક ફ્લેટ ખરીદવા માટે ૨૨.૫ લાખ રૂપિયાની લોન લીધેલી છે. મિશ્રાની પાસે કટકમાં એક અન્ય આવાસ પણ છે. એલઆઈસી પોલીસી સહિત સીજેઆઈની પાસે કુલ ૩૦ લાખ રૂપિયાના બેંક બેલેન્સ છે. એલઆઈસી પોલિસી સહિત સીજેઆઈ ગોગોઈ અને ઈતેમની પત્નિની પાસે કુલમળીને ૩૦ લાખ રૂપિયાના બેંક બેલેન્સ છે.

### હાહાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપથી વધી રહ્યા છે. શેરબજારમાં છેલ્લા કારોબારી સેંશનમાં તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૨૯૯ પોઈન્ટ રિકવર ૩૬૫૨૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭૮ પોઈન્ટ રિકવર થઈને ૧૧૦૦૮ની સપાટીએ રહ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૬ બાદથી દલાલસ્ટ્રીટ માટે સપ્ટેમ્બર મહિનાની સ્થિતિ સૌથી ખરાબ રહી હતી. આ ગાળા દરમિયાન સેંસેક્સમાં ૨૪૧૮ પોઈન્ટનો ઘટાડો થયો હતો. અથવા તો ૬.૨૬ ટકા સુધીનો ઘટાડો થયો હતો. નિફ્ટીમાં ૭૫૦ પોઈન્ટ અથવા તો ૬.૪૨ ટકાનો ઘટાડો થયો હતો. સપ્તાહ દરમિયાન સેંસેક્સમાં ૬૧૪ પોઈન્ટનો ઘટાડો થતાં સતત પાંચમાં સપ્તાહમાં સેંસેક્સ અને નિફ્ટીમાં ઘટાડો થયો હતો. ભારતની સર્વિસ સેક્ટરની ગતિવિધિ ઓગસ્ટ મહિનામાં જુલાઈની સરખામણીમાં ધીમી રહી છે. જુલાઈ મહિનામાં ૨૧ મહિનાની ઉંચી સપાટી જોવા મળી હતી. ઓટો કંપનીઓ દ્વારા આ સપ્તાહમાં જ તેમના સપ્ટેમ્બર વેચાણના આંકડા જારી કરવામાં આવનાર છે.

### નવું ત્રાગુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માયાવતીએ કહ્યું હતું કે, તેઓ નક્કરપણે માને છે કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના કોંગ્રેસ અને બસપ માટેના ગઠબંધનના ઈરાદા બિલકુલ ઈમાનદારીપૂર્વકના રહ્યા છે પરંતુ કોંગ્રેસી નેતાઓ તેમના ઈરાદા ઉપર પાણી ફેરવી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર કરતા માયાવતીએ કહ્યું હતું કે, આ પાર્ટી હવે ખુબ જ જિદ્દી વલણ ધરાવે છે. તેને લાગે છે કે, તે એકલા હાથે ભાજપને હરાવી શકે છે. હકીકતમાં કોંગ્રેસ પાર્ટીથી દેશના લોકો ખુબ જ નાખુશ છે. ભાજપ સાથે મોટાભાગના લોકો દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીનો દેશભરમાં સંપૂર્ણપણે સફાયો થઈ ચુક્યો છે છતાં તેને લાગે છે તે એકલા હાથે ભાજપને હરાવી શકે છે.

### પુતિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ માટે ડીલ થશે તો ભારતને પાંચ જી-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ મળશે. આ ડીલ રૂપિયા ૩૯ હજાર કરોડની છે. દ્વિપક્ષીય મંત્રણા ઉપરાંત મોદી અને પુતિન બિઝનેસ ફોરમમાં પણ સામેલ થશે. મોદી અને પુતિન શિખર બેઠકમાં આગામી દાયકાના રક્ષાથી લઈને વિજ્ઞાન સુધી તેમજ કૃષિથી લઈને ઉર્જા ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગનો એજન્ડા તૈયાર કરવાનો પ્રયાસ કરશે. બેઠકમાં સામરિક મુદ્દાઓ ઉપરાંત વૈશ્વિક અને ક્ષેત્રીય મુદ્દાઓ પર ગંભીર મંત્રણા થશે. પોતાની બે દિવસની યાત્રા દરમિયાન પુતિન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પણ મળશે.

### છોડી દીધું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપના પદાધિકારીઓ દ્વારા બીજીવાર કમિશનરશ્રીને અપમાનિત કરવાની ઘટના બહાર આવી છે.

આજે મળેલ સ્થાયી સમિતિએ રંગમંચના ભાડા-વધારામાં રજીસ્ટર્ડ માન્ય સામાજીક સંસ્થાઓ માટે રાહત દરે અને અન્ય લોકો માટે કરેલા ભાડા-વધારાને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો.

આ બેઠકમાં સે. ૨, ૭ અને ૯ના બગીચાઓનું નવીનીકરણનું કામ રૂ. ૪ કરોડ ૩૫ લાખના ખર્ચે કરાવવાનો નિર્ણય પણ લીધો હતો.

આ ઉપરાંત મુક્તિધામ જાળવણી અને નિભાવણી બાબતે હિસાબોની ચકાસણી સંદર્ભે દિન-૩૦માં પતાવટ કરવા જુસિકાને આખરી ચેતવણી આપવાની સાથે જો જુસિકા આમાં કસુર ઠરે તો કાયદાકીય કાર્યવાહી કરવાનું પણ નક્કી કરાયું હતું.

આ ઉપરાંત મનપાની ગ્રાન્ટમાંથી લોકોપયોગી સૂચનો સંબંદે જરૂરી ચીજવસ્તુઓની ખરીદીમાં કમિશનરશ્રી દ્વારા થતી વિલંબિત પ્રક્રિયા બાબતે સરકારમાં રજુઆત કરવાનો પણ નિર્ણય કર્યો હતો.

### બોર્ડ પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌપ્રથમવાર આ વર્ષે પહેલીવાર જાહેર થયેલા નવરાત્રી વેકેશનના કારણે પ્રક્રિયા ૧૫થી ૨૦ દિવસ મોડી શરૂ થઈ રહી છે. તેથી વિદ્યાર્થીઓની ચોક્કસ સંખ્યાનો આંક પણ ૧૫ થી ૨૦ દિવસ મોડો જાહેર થવાની શકયતા છે. બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં બોર્ડ દ્વારા હવે છેક સ્કૂલોના રજિસ્ટ્રેશન અને શિક્ષકોના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્યની તમામ નવી સ્કૂલોએ તેમની વિગત બોર્ડને મોકલવાની તેમજ ચાલુ સ્કૂલોએ તેની તમામ વિગતો અપડેટ કરવાની શરૂ કરી છે. આ તમામ કામગીરી પૂરી થયા પછી જ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલી માર્ચ-૨૦૧૯ની પરીક્ષા માટેનાં આવેદનપત્રો ટૂંક સમયમાં ભરવાની શરૂઆત થશે. ચાલુ વર્ષે નોંધાયેલી નવી શાળાઓએ નવેસરથી બોર્ડમાં રજિસ્ટ્રેશન કરાવવું પડશે. જ્યારે હાલમાં ચાલુ હોય તેવી તમામ શાળાઓએ તેની માહિતી અપડેટ કરવા ઉપરાંત ચાલુ વર્ષનાં તમામ ધોરણના ચાલુ વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા ભરવા ઉપરાંત શાળાના નામ અને સરનામાની ખરાઈ કરવાની રહેશે.

### ફુલોથી નિખરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાલફેમિયા, આલ્માન્ડા, જેટ્રોફા, હેમલીયા, એર્થેન્મ પીંક સહીત જુદા જુદા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. શહેરમાં અગાઉ વનતંત્ર દ્વારા સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જયારે વનઆરક્ષિત જગ્યાના રક્ષણ માટે નવી ફેન્સીંગનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. વધુમાં હવે આ વિસ્તારને વધુ હરિયાળો અને કલરફુલ બનાવવા માટે વિવિધ રંગના ફુલો નિખરે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી દિવાળી પુર્વે નગરના મુખ્યમાર્ગો પર રંગબેરંગી ફુલોની રોનક નિખરશે.

### દુકાનો ખંડેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની છે. જયારે આ દુકાનોની જાળવણી પણ ન થતા ખંડેર દુકાનો જોખમી બનતી જાય છે. સે-૧૬,૨૭ સહીત સચિવાલયના વિસ્તારમાં આ પ્રકારની માઈક્રોશોપિંગની દુકાનો વધુ છે. પરંતુ કબજા વગરની દુકાનો મામલે અનેકવાર પ્રતિક્ષા યાદીના લાભાર્થીઓ દ્વારા જિલ્લા કલેકટરને પણ રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. બીજીતરફ શહેરમાં એક અંદાજ મુજબ ૧૦૦ જેટલી માઈક્રોશોપિંગની દુકાનો કબજાના અભાવે બિનવારસી રહેતા સરકારને પણ ભાડાની આવકમાં મોટુ નુકશાન જઈ રહ્યુ છે.જયારે દબાણની સમસ્યા પણ વધી રહી છે. આ મામલે અગાઉ મુખ્યમંત્રીના ઓનલાઈન કાર્યક્રમમાં પણ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ પ્રતિક્ષા યાદીમાં આવતા લાભાર્થીઓ માટે હજુ સુધી કાંઈ થઈ શક્યુ નથી. કબજો ન લીધો હોય તેવા લાભાર્થીઓના નામો રદ થયા ન હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. આ મામલે ત્વરિત ગતિવિધિ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

### લાગણીનો મેળો ● ચોથા પાનાનું ચાલું

સત્ય-અહિંસાની આંખે તું ભાળીશને ગુજરાત?
ગાંધીને પગલે પગલે તું ચાલીશને ગુજરાત?'

દોસ્તો, ગાંધી 'રાષ્ટ્રપિતા' છે... આપણે સૌ તેમના સંતાનો છીએ. 'સંતાન' એને કહેવાય જે પિતાનો સંસ્કાર વારસો વધારે તે... 'સમ્યક્ તનોતિ તનુ વિસ્તારે' પરંતુ આપણે ગાંધીમૂલ્યો અને આદર્શોને વાતો ને વાર્તાઓમાંથી હજુ બહાર કાઢી શક્યા નથી. સાચે જ આપણે રાષ્ટ્રપિતાને ચલણી સિક્કો બનાવી દીધા.

ડગલને ને પગલે ગાંધીવિચારનું છડેચોક હનન કરનારાઓને ઉદ્દેશીને કવિ કરસનદાસ માણેક લખે છે,

'ડગલને ડગલે એનું ખૂન કરી,
એને પૂજવા પુષ્પથી કાં નિસરો !
એની જન્મજયંતિ તો ત્યારે થશે,
જયારે પ્રેમથી બીન જગે બજશે.
જયારે બ્રહ્મના અંશ શા મુક્ત આકાશમાં
મુક્ત ધરા દિવ્યતા સર્જશે.'

પૂ. બાપુને માત્ર પર્વ બનાવી ઊજવી દેનારા આપણે સૌએ ગાંધી વિચારને સમજવા પડશે. ગાંધી વિચાર શાશ્વત સત્ય છે.

ગુજરાતની ભૂમિ ગૌરવાન્વિત છે. જયાં જગદ્ગુરુ ચક્રધર મોહન અને વિશ્વવંદ્ય ચરખાધર મોહનની વિચારધારા સમગ્ર માનવજાત માટે શ્રેયસ્કર છે. એ પ્રાણદાયી વિચારો સમાજપુરુષને દિવ્ય અને ભવ્ય બનાવશે.

શાશ્વાત ગાંધીને માત્ર સભા-સરઘસો, વાર્તા બોધ, પ્રદર્શનો કે કાવ્યપાઠમાં સિમિત કરી ઈતિ કર્તવ્ય ન માનીએ.

સ્પર્શમણિ

જો તમારે ઝડપથી ચાલવું હોય તો એકલા ચાલો અને જો તમારે દૂર સુધી જવું હોય તો સાથે ચાલો.

● ● ●

આ સંસાર માત્ર બુદ્ધિથી નથી ચાલતો, પણ હૃદયથી ચાલે છે. એટલે આ જગતમાં બુદ્ધિ નહીં, આત્મા રાજય કરશે. આત્મા રાજય કરશે એનો અર્થ સદાચારનું રાજય હશે.

- મહાત્મા ગાંધી

- rasikwaland1965@gmail.com
Mo. 9913426949